## વિષય:- ગુજરાતી ધોરણ:- 6 પ્રથમ સત્ર

## પાઠ :- 3 ચોમાસામાં સૃષ્ટિસૌંદર્ય યુનિટ ટેસ્ટ કુલ ગુણ ૨૫

..........................................................................................

**1. પ્રશ્નોનાં જવાબ લખો : 10**

1. નદીનું પાણી ચોખ્ખું હતું કે ગંદું? તમને કેવી રીતે ખબર પડી?

2. બાવળનું ઝાડ હલતું હતું? કેમ ખબર પડી?

3. કાગળની હોડી બનાવનારા નિશાળિયા જ હશે એમ ગિજુભાઈને કેમ લાગ્યું હશે?

4. 'સક્કરખોરો' પક્ષીનું બે-ત્રણ વાક્યમાં વર્ણન કરો,

5. ગિજુભાઈ બાળકોને શી સલાહ આપે છે?

**2. અહીં નામ વિશેષતા અને ક્રિયા-વિશેષતાની જોડ આપી છે. તેવી બીજી જોડ ઉમેરો અને ઉદાહરણ પ્રમાણે વાકયો બનાવો. 5**

| નામ | વિશેષતા | નામ | વિશેષતા | ક્રિયા | વિશેષતા | ક્રિયા | વિશેષતા |
|---|---|---|---|---|---|---|---|
| ભાષણ | લાંબું | ફળ | મીઠું | પીરસવું | ઉતાવળે | બોલવું | ઉતાવળથી |
| ટેબલ | લંબચોરસ | મધ | મીઠું | રમવું | સાચવીને | આવવું | ધીમેથી |
| મોબાઈલ | નવો | ટામેટું | ખાટું | હસવું | ખડખડાટ | ધ્રૂજવું | થરથર |
| દાળ | તીખી | મરચું | તીખું | વાંચવું | ઝડપથી | ફરવું | આમતેમ |
| છોકરી | હોશિયાર | કેરી | પાકી | સાંભળવું | ધ્યાનથી | ઊંઘવું | ઘસઘસાટ |
| ચા | ઠંડી | પાણી | ગરમ | જમવું | ધીમેથી | વાંચવું | ઝડપથી |

**3. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. 5**

shikshansagar.com

(મોટેથી, શાંતિથી, સાચવીને, ઘસીઘસીને, ધરાઈને, રડતાં રડતાં, ઝડપથી, ઓછું, ગુસ્સે થઈને, રમતાં રમતાં)

1. મેં દોડની હરીફાઈમાં ભાગ લીધો છે. હું __________ દોડીશ.

2. વરસાદ પડવાથી રસ્તાની માટી ચીકણી થઈ ગઈ છે. હું __________ચાલીશ.

3. હાથમાં રંગ લાગી ગયો છે. હું __________હાથ ધોઈશ.

4. મંજુલા ખૂબ આગળ પહોંચી ગઈ છે. તેને ઊભી રાખવા હું _____બૂમ પાડીશ.

5. મામીએ લાપસી રાંધી છે. હું __________જમીશ.

11. કૌંસમાં આપેલ ક્રિયાવિશેષણ વાપરી ખાલી જગ્યા પૂરો.

4 કૌંસમાં આપેલ ક્રિયાવિશેષણ વાપરી ખાલી જગ્યા પૂરો.

(વારેઘડીએ, કોઈકવાર, અવારનવાર, થોડીવાર, નિયમિત)

1. દાંતમાં સડો ન થાય તે માટે હાર્દિક સવારે ઊઠયા પછી અને રાત્રે સૂતાં પહેલાં _______________ બ્રશ કરે છે.

2. મીનલને નવી નવી વાનગીઓ શીખવી ગમે છે. તે__________જાતભાતની રસોઈ બનાવે છે.

3. મોટાભાગે તો રેખા જ રશ્મિના ઘરે જાય. રશ્મિ તો રેખાના ઘરે ____________ જ જાય

4. નાની રિસેસ હોય ત્યારે વિદ્યાર્થીઓ __________ રમે, મોટી રિસેસમાં વધારે.

5. સલીમના મામાનું ઘર નજીક છે. તે તો મામાને ત્યાં ________ પહોંચી જાય.

shikshansagar.com · The King of Education · શિક્ષણ સાગર